

આજે ભાદરવા સુદ નોમ નિમિત્તે સિવિલ કેમ્પસ સ્થિત રામદેવપીર મંદિર ખાતે સવારે શ્રી રામદેવપીર મહારાજના નેજા (નિશાન) ચઢાવવામાં આવ્યા હતા. આ પ્રસંગે મોટી સંખ્યામાં ભાવિભક્તો જોડાયા હતા. જ્યારે પ્રતિ વર્ષની જેમ રામદેવપીર મંદિરે નેજા શહેરના અગ્રણી વિક્રમસિંહ ગોલ દ્વારા ચઢાવવામાં આવ્યા હતા. નેજા પહેલા ભવ્ય વરઘોડો નીકળ્યો હતો. જેમાં ભક્તો દ્વારા સંગીતના સથવારે ભજન-કિર્તન ગાઈને ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. સિવિલ કેમ્પસમાં આ સમયે ધાર્મિક વાતાવરણ સર્જાયુ હતુ.

### આયુર્વેદ શાખા, જિલ્લા પંચાયત, ગાંધીનગર દ્વારા

# ૧૬ થી ૧૮ સપ્ટેમ્બર દરમિયાન નિઃ શુલ્ક આયુર્વેદ હોમિયોપેથી મેગા કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા. ૧૫

આયુર્વેદ શાખા, જિલ્લા પંચાયત, ગાંધીનગર દ્વારા તા. ૧૬ થી ૧૮ સપ્ટેમ્બર, ૨૦૨૧ દરમ્યાન ગાંધીનગર જિલ્લાના વિવિધ ગામોમાં આયુર્વેદ હોમિયોપેથી નિઃશુલ્ક નિદાન-સારવાર મેગા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે, તેવું જિલ્લા આયુર્વેદ અધિકારીએ જણાવ્યું છે.

દેશના વડાપ્રધાન અને ગુજરાત રાજયના સપૂત નરેન્દ્રભાઈ મોદીના જન્મ દિવસ નિમિત્તે નિયામક, આયુષની કચેરી અને આયુર્વેદ શાખા, જિલ્લા પંચાયત, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે ગાંધીનગર જિલ્લાના ચાર તાલુકાઓમાં અલગ અલગ તારીખે નિઃશુલ્ક નિદાન મેગા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં તા. ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૨૧ના રોજ કલોલ તાલુકાના ડીંગુચા ગામના સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે અને માણસા તાલુકાના ઘમેડા ગામના મહાકાળી મંદિર ખાતે આ નિઃશુલ્ક મેગા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

તા. ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૨૧ ના રોજ ગાંધીનગર તાલુકાના રૂપાલ ગામના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સાદરા ગ્રામ પંચાયત કોમ્યુનિટી હોલ ખાતે આ મેગા કેમ્પ યોજાશે. તેમજ તા. ૧૮મી સપ્ટેમ્બર, ૨૦૨૧ ના રોજ દહેગામ ખાતે અમીન ભવન, ગોપાલજી મંદિરને સામે આ કેમ્પ યોજાશે. આ તમામ કેમ્પનો આરંભ સવારના ૯ થી ૯.૩૦ કલાક સુધી દીપ પ્રાગટય અને મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવશે. બપોરના ૧ કલાક સુધી આયુર્વેદ- હોમિયોપેથી નિદાન સારવાર કેમ્પ યોજાશે.

આ કેમ્પમાં સ્થૌલય-જાડાપણું, મધુમેહ- ડાયાબીટીસ, બાળરોગ, વંધ્યત્વ - સ્ત્રી રોગ તથા જનરલ રોગોની આયુર્વેદ અને હોમિયોપેથી સારવાર નિઃશુલ્ક આપવામાં આવશે. આ કેમ્પ તમામ પ્રકારની સારવાર નિઃશુલ્ક આપવામાં આવશે. આ કેમ્પનો લાભ લેવા સર્વે નાગરિકોને જિલ્લા આયુર્વેદ અધિકારીએ અપીલ કરી છે.




## જ્યોતિ મહિલા મંડળ દ્વારા કાનૂની શિક્ષણ શિબિર યોજાઈ

જ્યોતિ મહિલા મંડળ અને કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા કાનૂની શિક્ષણ શિબિરનું આયોજન નગરની બહેનો માટે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કાનૂની સેવા સત્તામંડળના સુધીર દેસાઈ તેમજ તેમની ટીમ દ્વારા બહેનોને લગતા વિવિધ કાયદાઓ અને સહાય બાબતે વિસ્તારપૂર્વક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે જ્યોતિ મહિલા મંડળના પ્રમુખ ડૉ. ચેતના બુચ દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું હતું. તેમજ ૧૦૦ થી વધુ બહેનોએ આ કાર્યક્રમનો લાભ લીધો હતો અને તેમને મુંઝવતા પ્રશ્નો રજૂ કરી માર્ગદર્શન મેળવ્યું હતું. જ્યોતિ મહિલા મંડળના ઉપપ્રમુખ નીરૂબેન નાયક, મીનાબેન શાહ, તારાબેન પટેલ, પ્રવિણાબેન ગામીત વગેરેએ સહયોગ આપ્યો હતો.

# સરકારી ઈજનેરી કોલેજમાં એન્જિનિયર દિવસની ઉજવણી

ગાંધીનગર, તા.૧૫

સરકારી ઈજનેરી કોલેજ, ગાંધીનગર ખાતે સ્વતંત્રતાનું અમૃત મહોત્સવના આયોજન ભાગ રૂપે એન્જિનિયર્સ દિવસ ૨૦૨૧ ના રોજ આઈઆઈએમ, બરોડા ચેપ્ટર દ્વારા પ્રાયોજિત રાજ્ય કક્ષાની પોસ્ટર પ્રસ્તુતિ સ્પર્ધાનું આયોજન તારીખ ૧૫ સપ્ટેમ્બર ૨૦૨૧ ના રોજ મેટલર્જી વિભાગ, એમએસયુ બરોડા, ઈંડ્રસ યુનિવર્સિટી અને વિજ્ઞાન ગુર્જરી, ગુજરાત પ્રાંતના સહયોગથી ઓનલાઈન કરેલ છે. પોસ્ટર સ્પર્ધાનું ઉદઘાટન ડૉ. આઈ. બી. દવે, મેટલર્જી વિભાગના વડા, સઈકો, ગાંધીનગર; ડો. ચૈતન્ય જોશી, પ્રમુખ , વિજ્ઞાન ગુર્જરી, ગુજરાત પ્રાંત અને ડો. એસ ડી કહાર, ચેરમેન, આઈઆઈએમ બરોડા ચેપ્ટર અને જોઈન્ટ સેક્રેટરી, વિજ્ઞાન ગુર્જરી, ગુજરાત પ્રાંતના હસ્તે સવારે ૧૦.૩૦ વાગે ડો. વૈદ્યધરજી વૈદ્ય, નેશનલ ગવર્નિંગ કાઉન્સિલ સભ્ય, વિભા; ડો. પ્રશાંત કુંજડીયા, સેક્રેટરી, વિજ્ઞાન ગુર્જરી, ગુજરાત પ્રાંત અને સહયોગી સન્સ્થાઓના અનેક મહાનુભાવોની ઉપસ્થીતીમાં કરેલ છે. મેટલર્જી વિભાગના પ્રાધ્યાપકો ડૉ. દૌલત શર્મા, પ્રો. ભાવેશ રાણા, પ્રો. હેમિન ઠાકર આ પોસ્ટર સ્પર્ધાના કોર્ડીનેટર છે. આ પોસ્ટર સ્પર્ધામાં રાજ્ય કક્ષાની કુલ ૫૨ ટીમોએ ભાગ લીધેલ છે, જેમાંથી પહેલાં ત્રણ પોસ્ટરને પુરસ્કાર આપવામાં આવશે.



વિશ્વની પ્રથમ ડિજિટલ શ્રીમદ ભગવત્ ગીતા સેક્ટર-૧૬ અંધશાળાના માનદ મંત્રી અને સેક્રેટરી જયંતિભાઈ બી. પટેલને ઉનાવાના પસાભાઈ પટેલે અર્પણ કરી હતી. અંધશાળાના બાળકો હવે ભગવત ગીતાનું પઠન સહેલાઈથી કરી શકશે.

## રોટરી ક્લબ ઓફ કેપિટલ દ્વારા સેવાકાર્ય

રોટરી ઈન્ટરનેશનલ સપ્ટેમ્બર-૨૦૨૧ને બેઝિક એજ્યુકેશન અને લિટરેસી માસ તરીકે ઉજવી રહ્યું છે. તે અંતર્ગત રોટરી ક્લબ ઓફ કેપિટલ દ્વારા સેક્ટર-૧૨ સ્થિત સ્વામી વિવેકાનંદ શાળા ખાતે ૨૦૦ વિદ્યાર્થીઓને ચોપડાનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં દરેક વિદ્યાર્થીને ૧ ડઝન ચોપડા આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં રોટરી ક્લબ ડીસ્ટ્રીક્ટ ૩૦૫૪ના ડીસ્ટ્રીક્ટ ગર્વનર અશોક મંગલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ અમીબેન શાહે શાળા પરિવારનો આભાર વ્યક્ત કર્યો હતો. શાળાના આચાર્ય ભાવેશ જાનીએ રોટરી ક્લબ ઓફ કેપિટલનો આભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે રોટરી ક્લબ ડીસ્ટ્રીક્ટ ૩૦૫૪, ઝોન-૫ ના આસી. ગર્વનર મધુકર પરીખ, પુષ્પા મંગલ, સેક્રેટરી રોટે. પાર્થ ઠક્કર, રોટે. અરવિંદ રાણા, રોટે. યુવરાજસિંહ વાઘેલા, રોટે. મનોજ સરૈયા, રોટે. અશ્વિન શર્મા, રોટે. ગૌરાંગ રાવલ, રોટે. નરેશ પ્રજાપતિ, રોટે. વિભાબેન ઠક્કર તથા અન્ય રોટે. કિંજલ ત્રિવેદી, રાજીવ ભંડારી, મનોજ પાત્રા સહિત કડી સર્વ વિદ્યાલયના કો-ઓર્ડિનેટર નટુભાઈ લાડાણી, ડો. દેવાંગ, શાળા પરિવારના શિક્ષકગણ, પત્રકારો ઉપસ્થિત રહ્યા હતા.



રાયફલ શુટીંગમાં આંતરરાષ્ટ્રીય સ્તરે નામ રોશન કરનાર ઈન્ટર નેશનલ પ્લેયર જય મહેન્દ્રભાઈ મહેતાનું સન્માન સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજ દ્વારા કરવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમમાં જીલુભા ધાધલ, ભૂપેન્દ્રભાઈ ગજ્જર અને અશોકભાઈ પરમારે જય મહેતાના માતા અને પિતાનું શાલ ઓઢાડી સન્માન કર્યુ હતુ.

# શ્રીમતી આર.જી. પટેલ શાળામાં સ્વચ્છતા પખવાડિયાની ઉજવણી

ગાંધીનગર, તા.૧૫

શ્રીમતી આર.જી. પટેલ કન્યા શાળા સેકટર-૨૩માં સ્વચ્છતા અંગે વિવિધ કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા હતા. દર વર્ષે સપ્ટેમ્બર માસમાં સ્વચ્છતા પખવાડિયાની ઉજવણી કરવામાં આવે છે જે અંતર્ગત શાળામાં આચાર્ય ગીતેષભાઈના માર્ગદર્શન હેઠળ શાળાની સ્કાઉટ ગાઈડ અને એનએસએસની સ્વયંસેવિકા વિદ્યાર્થીનીઓ દ્વારા સ્વચ્છતા રેલી યોજાઈ હતી. શાળાના કેમ્પસ તથા મુખ્ય ઘ રોડ પર રેલી દ્વારા સમાજના નાગરિકોમાં સ્વચ્છતા અંગે જનજાગૃતિ લાવવાનો પ્રયત્ન કર્યો હતો.

વિદ્યાર્થીનીઓએ શાળા બહાર પાર્કિંગમાં સફાઈ કામગીરી કરી હતી. આ ઉપરાંત વિવિધ સ્પર્ધાઓ જેવી કે સ્લોગન, ચિત્ર સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં ચિત્ર સ્પર્ધામાં પ્રથમ સના મનસુરી, બીજા ક્રમે ટવીસા પટેલ, ત્રીજા ક્રમે સૃષ્ટિ મકવાણા તથા નિબંધ સ્ર્ધામાં પ્રથમ શ્રુતિ પ્રજાપતિ, બીજા ક્રમે બંસી ચૌધરી, ત્રીજા ક્રમે ઈનલ સોલંકી રહ્યા હતા.



ગાંધીનગર જિલ્લા મંડપ એસોસીએશન દ્વારા પરિવાર સુરક્ષા યોજનાની મીટીંગ સેકટર-૧૬ બ્રહ્મભવન ખાતે યોજવામાં આવી હતી. મંડપ એસોસીએશનના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# મોડાસા પાલિકા દ્વારા પાલિકાની હદ વિસ્તારમાં આવેલ ઘાંચી આરોગ્ય હોસ્પિટલનું નળ જોડાણ કાપ્યું

### ઘાંચી આરોગ્ય મંડળ દ્વારા ફાયર માટે એનઓસી ન લીધી હોય પાલિકાની લાલ આંખ

મોડાસા તા.૧૫

મોડાસા નગરપાલિકા હદ વિસ્તારમા આવેલ ઘાંચી આરોગ્ય મંડળ દ્વારા ફાયર એનઓસીન લીધેલ હોવાથી બુધવારના રોજ રીજીયનલ ફાયર ઓફિસરની સૂચના તથા કમિશ્નર કચેરીના આદેશથી નળ જોડાણ કાપી નાખવામાં આવ્યું હતું. શહેરમાં બાકી જે હોસ્પિટલ અને સ્કૂલો છે જેણે ફાયર એનઓસી નથી લીધેલ તેઓને નળ કનેકશન કાપવાની અથવા તો વીજ જોડાણ કાપવાની કાર્યવાહી કરવામાં આવનાર હોવાનું જાણવા મળ્યું છે. બુધવારના રોજ મોડાસા નગરપાલિકા દ્વારા ઘાંચી આરોગ્ય મંડળ દ્વારા ચાલતી ઘાંચી હોસ્પિટલમાં ફાયર એનઓસી લીધેલ ન હોય નળ કનેક્શન કાપી નાખવામાં આવ્યું હતું. ત્યારે પાલિકા દ્વારા જાણવા મળ્યું હતું કે આગામી સમયમાં શહેરમાં જે હતું.

આ અંગે મળતી વિગતો અનુસાર મોડાસા નગરપાલિકા વિસ્તારમાં જે એકમો દ્વારા ફાયર એનઓસી લેવામાં આવેલ નથી તેવા એકમો સામે પાલિકા દ્વારા લાલ આંખ કરવામાં આવી રહી જાહેર બિલ્ડીંગોમાં ફાયર માટેની એનઓસી લેવામાં આવી નથી તેઓ સામે લાલ આંખ કરી કાયદેસરની કડક કાર્યવાહી કરી નળ કનેક્શન કે વીજ જોડાણો કાપવામાં આવશે.



# ગુજરાત સહિતના રાજ્યોમાં ભારે વરસાદની આગાહી

ગાંધીનગર,તા.૧૫

સૌરાષ્ટ્રમાં પડેલા ભારે વરસાદે તારાજી સર્જી છે, અહીં અનેક જિલ્લાઓમાં આવેલા પૂરે સામાન્ય જીવન ખોરવી નાંખ્યુ છે. એવામાં ભારતીય હવામાન ખાતાએ આગામી દિવસોમાં ગુજરાત સહિત દેશના અનેક રાજ્યોમાં ભારે વરસાદનું અનુમાન લગાવ્યું છે. જે અનુસાર આગામી ૧૦ દિવસ સુધી દેશના અનેક રાજ્યોમાં વરસાદ પડી શકે છે. જોકે સામાન્ય રીતે દેશમાં ૧૭ સપ્ટેમ્બરથી ચોમાસુ પરત ફરવાનું શરુ થાય છે પરંતુ આ વખતે ચોમાસુ લાંબુ ચાલે એવી સંભાવના છે. હવામાન વિભાગના અનુમાન મુજબ દેશના અનેક વિસ્તારોમાં આગામી ૩ થી ૫ દિવસ સુધી ભારે વરસાદ પડી શકે છે. આઈએમડીનું કહેવુ છે કે, ઓડિશાના દરિયામાં સર્જાયેલા ડિપ્રેશનને લીધે દેશના ૧૩ રાજ્યોમાં વરસાદ પડવાનું અનુમાન છે. જે દરમિયાન દિલ્હી, મધ્ય પ્રદેશ, રાજસ્થાન, મહારાષ્ટ્રનો અમુક વિસ્તારો અને ઉત્તર પ્રદેશમાં આગામી ૩-૪ દિવસ ભારે વરસાદ પડી શકે છે. ગુજરાતમાં પણ આગામી દિવસોમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

## મોડાસાના મેઘરજ રોડ પર આવેલ રોયલપાર્ક કોમ્પ્લેક્સની ત્રણ દુકાનોના તાળા તુટ્યા

### બે બ્યુટી પાર્લર અને એક સ્ટેશનરીની દુકાનના તાળા તોડી પરચુરણ સામાનની ઉઠાંતરી

મોડાસા તા.૧૫

મોડાસાના મેઘરજ રોડ પર ઉમિયા ચોકની સામે આવેલ રોયલપાર્ક કોમ્પ્લેક્સની ત્રણ દુકાનોના મંગળવારની રાત્રિએ તાળા તુટ્યા હતા. ત્રણેય દુકાનોમાંથી તસ્કરો પરચુરણ સામાન ચોરી માલસામાન રફેદફે કરી ગયા હતા. સવારે દુકાન માલિકોને ખબર પડતાં પોલીસ મથકે જાણ કરવાની તજવીજ હાથ ધરી હતી.

મોડાસા પંથકમાં ચોરીઓ શરૂ થઈ હોય તેમ મંગળવારની રાત્રિએ શહેરના મેઘરજ રોડ પર આવેલ રોયલપાર્ક કોમ્પલેક્સમાં આવેલ બે બ્યુટીપાર્લર અને એક સ્ટેશનરીની દુકાનના તસ્કરોએ તાળા તોડી ચોરી કરી હતી. આ ત્રણેય દુકાનોમાંથી તસ્કરોએ હાથફેરો કરી પરચુરણ સામાનની ઉઠાંતરી કરી પલાયન થઈ ગયા હતા. સવારે રાબેતા મુજબ દુકાનદારો આવતાં દુકાનોના તાળા તુટેલા નજરે ચઢ્યા હતા. તુટેલા તાળા અને દુકાનમાં માલસામાન રફેદફે જોઈને ચોરી થયાનું જણાતાં દુકાનદારોએ પોલીસ મથકે જાણ કરવાની તજવીજ હાથ ધરી હતી.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

## તાકિદ

● અનુસંધાન પહેલાનું ચાલુ

કહી શકાય કે સારા રસ્તા અને સારી ટેકનોલોજીના કારણે દુર્ઘટનાઓ ઘટશે ? કોર્ટે તો ત્યાં સુધી કહ્યુ હતુ કે, બહેતર એન્જિન ટેકનોલોજી અનિયંત્રિત સ્પીડ માટે કારણ બનશે અને ઉલટાનુ તેના કારણે અકસ્માતો વધશે. ઉલ્લેખનીય છે કે, કેન્દ્ર સરકાર દ્વારા હાઈવે પર મહત્તમ ઝડપ ૧૦૦ કિમી પ્રતિ કલાકની જગ્યાએ વધારીને ૧૨૦ કિમી પ્રતિ કલાક કરવા માટેનુ જાહેરનામુ સરકારે ચાર ઓગસ્ટે બહાર પાડ્યુ હતુ.

## સર્ચ હાથ ધર્યું...

● અનુસંધાન પહેલાનું ચાલુ

માનવીય કામો માટે ફેન્સ તેને દેવદૂત કહે છે. સપ્ટેમ્બર ૨૦૦૨માં સુદને કોરોના મહામારી દરમિયાન તેના માનવીય કામો માટે સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમે ૨૦૨૦ એસડીજી સ્પેશયલ હ્યુમેનિટેરિયન એક્શન એવોર્ડ આપ્યો હતો. હાલ તે દેશના દરેક લોકો માટે સૂદ ચેરિટી ફાઉન્ડેશન ચલાવી રહ્યો છે. સોનુ હિંદી, તેલુગુ, કન્નડ અને તમિલ ફિલ્મોમાં કામ કરી ચૂક્યો છે. ટૂંક સમયમાં જ તે એક પીરિયડ ડ્રામા પૃથ્વીરાજમાં જોવા મળશે. તે ઉપરાંત તે તેલુગુ એક્શન-ડ્રામા આચાર્યમાં પણ કામ કરી રહ્યો છે.

## સંઘર્ષ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

હકીકતે હક્કાની નેટવર્ક અફઘાનિસ્તાનની સરકારમાં પ્રમુખ ભૂમિકા ઈચ્છે છે પરંતુ તાલિબાનના નેતાઓ તેમ નથી ઈચ્છતા. આ મુદ્દે પણ બંને વચ્ચે વિવાદ છે. થોડા દિવસ પહેલા સરકારની રચના દરમિયાન બંને જૂથો વચ્ચે ગોળીબાર પણ થયો હતો જેમાં બરાદર ઘાયલ થયો હોવાના સમાચાર સામે આવ્યા હતા. એક અહેવાલ પ્રમાણે બરાદર કાબુલ છોડીને કંધાર જતો રહ્યો છે.

## શપથવિધિ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગુજરાતમાં પહેલી સરકાર યુવા સરકાર બનશે તે જ વાત પ્રચારનો મુદ્દો પણ બનશે તેમ પક્ષના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. આ સૂત્રોએ જણાવ્યુ છે કે વિસ્તારક યોજનાના મળેલા પ્રતિસાદ પછી જે રીતે પક્ષમાં યુવાઓ આકર્ષાયા છે તેને ધ્યાને રાખી યુવા સરકાર રચવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આજે થનારા રાજય મંત્રીમંડળના વિસ્તરણમાં તમામ વર્ગો અને જિલ્લાઓને સંતુલિત કરવામાં આવશે એટલુ જ નહિ નવા નેતૃત્વના વિકાસ પર ભાર મુકવામાં આવશે. નવા મંત્રીમંડળમાં ૩૫ થી ૫૦ વર્ષના વય જૂથના વધુ લોકો સામેલ થશે તેવા સંકેતો પણ મળી રહ્યા છે.

## મોટી રાહત...

● અનુસંધાન પહેલાનું ચાલુ

વેગ મળશે અને ૭.૬૦ લાખથી વધુ લોકોને રોજગારી મળશે. આ નિર્ણયથી ઓટો સેક્ટરમાં વિદેશી રોકાણ વધવાની પણ અપેક્ષા છે.

પીએલઆઈ યોજનાની જાહેરાત સાથે, મોદી સરકાર જીડીપીમાં ઓટો ક્ષેત્રનો હિસ્સો ૧૨ ટકા સુધી વધારવા માગે છે, જે હાલમાં ૭.૧ ટકા છે. એટલા માટે ભારતના ઓટો અને કમ્પોનન્ટ માર્કેટ માટે પીએલઆઈ સ્કીમ રજૂ કરવામાં આવી છે. અનુરાગ ઠાકુરે કહ્યું કે આ ભારતને વૈશ્વિક ખેલાડી બનાવવામાં મદદ કરશે. હાલમાં, લગભગ ૧૭ અબજ ડોલરના મૂલ્યના ઘટકો વિદેશથી આવે છે, સરકારનો ઉદ્દેશ તેને ભારતમાં જ બનાવવાનો છે. પીએલઆઈ યોજના આયાત ઘટાડવામાં મદદ કરશે. તેમણે કહ્યું કે પીએલઆઈ યોજના હેઠળ પસંદ કરાયેલી કંપનીઓએ ૫ વર્ષ માટે રોકાણ કરવું પડશે. રોકાણની મર્યાદા બદલાઈ છે. આ પ્રોત્સાહન પાંચ વર્ષ માટે ઉપલબ્ધ રહેશે.

ટેલિકોમ સેક્ટરમાં હવે ડિજિટલ ફોર્મેટમાં સિમ ખરીદનારા ગ્રાહકોની ચકાસણી થશે. હરાજી દર વર્ષના છેલ્લા ક્વાર્ટરમાં થશે. પ્રીપેડથી પોસ્ટપેઈડ પર તબદીલ થવા પર ફરીથી કેવાયસી નહીં કરવાનું રહે. ટાવરનું સ્થાપન સ્વ -ઘોષણાના આધારે કરવામાં આવશે. ૧૯૫૩ ના નોટિફિકેશન મુજબ લાયસન્સ રાજ સમાપ્ત થઈ ગયું છે.